**તા.:૧૯–૦૪–૨૦૨૨ ની કારોબારી કમીટીની કાર્યનોંધ.**

.........................................................................

**કા.સ.ઠ.નં.– ૦૧ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

—————————————————————————————————

**કામ નં.–૧**

**વિષયઃ– બાંધકામ શાખાના વ્હીકલ નં.–GJ-15-G-484 ટ્રેકટર રીપેરીંગ કામ, સુદર્શન ફેબ્રીકેશન પાસે કરાવવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૧૦,૮૦૦/–મંજુર કરવા બાબત..**

**ઠરાવ.:–**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના બાંધકામ શાખાના હસ્તક ચાલતુ વ્હીકલ નં.–GJ-15-G-484 ટ્રેકટર જરૂરીયાત મુજબની કામગીરી જેવી કે, સડી ગયેલ પ્લેટ કટીંગ કરી ગ્રાઈન્ડીંગ મશીનથી નવી ફીનીસીંગ લોખંડની થાંભલી એંગલ વિગેરે કામકાજ કરાવવામાં આવેલ સદરહુ કામ વલસાડના સુદર્શન ફેબ્રીકેશન પાસે કરાવવામાં આવેલ જે અંગેનું આવેલ બીલ રૂા.૧૦,૮૦૦/–પુરા બાંધકામ શાખાના ડ્રાઈવર મીનેષ આર. પટેલે રોકડેથી ચુકવણું કરેલ હોય, જે અંગેનું આવેલ બીલ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા સામાન્ય સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.–૦૨/ તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૨</u>**

**<u>વિષય:–</u> દિવાળીના ધાર્મિક પર્વમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ સુરક્ષા સાથે સાવચેતી બાબતની જાહેરજનતા જોગ ધ્યાનમાં રાખવાની પ્રસિધ્ધી જુદા જુદા બે દૈનિક પેપરમાં કરાવેલ હોય જેના આવેલ બીલ રૂા. ૧૦,૫૦૦/– તથા ૧૪,૫૫૩/– બનાવવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, મે.કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી વલસાડના પત્ર નં.ઈઓસી / દિવાળી / વશી /૫૪૯૭ થી ૫૫૧૬ / ૨૦૨૧ / તા.:૦૧–૧૧–૨૦૨૧ ના સંદર્ભથી દિવાળીના ધાર્મિક પર્વ નિમિત્તે સાવચેતી રાખવા અંગે સૂચનાઓ આપેલ હોય. જે અન્વયે શહેરીજનો દ્વારા ફટાકડા ફોડતી વખતે ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ સુરક્ષા સાથે સાવચેતી બાબતની જાહેર જનતા જોગ ધ્યાનમાં રાખવાની બાબતો અંગે, દિવ્ય ભાસ્કર તેમજ ગુજરાત સમાચાર, એમ બે દૈનિક પેપરમાં પ્રસિધ્ધ કરાવેલ. જે અંગેના નીચે જણાવેલ આવેલ બીલો બનાવવા અને તેનું ચુકવણું કરવાનું તેમજ બીજા બે દૈનિક પેપર જેવાં કે સંદેશ આવૃતિ તેમજ ગુજરાતમિત્ર આવૃતિના બીલોનું ચુકવણું પણ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા સામાન્ય સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ. નં. | દૈનિક પેપર / એજન્સીનું નામ. | બીલનં./ તારીખ | બીલની રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | દિવ્ય ભાસ્કર,<br>–હની એડર્વટાઈઝીંગ–ખેરગામ,નવસારી | ૪૭૩ / ૫–૧૧–૨૦૨૧ | ૧૦,૫૦૦/– |
| ૨ | ગુજરાત સમાચાર,<br>–આર.કે.એડર્વટાઈઝીંગ વલસાડ. | ૨૩૫ / ૧૦–૧૧–૨૦૨૧ | ૧૪,૫૫૩/– |
| ૩ | સંદેશ,<br>–ભાગ્યશ્રી એડ. વલસાડ. | ૩૨/ ૫ –૫–૨૦૨૧ | ૧૫,૪૩૫/– |
| ૪ | ગુજરાત મિત્ર,<br>બેસ્ટ પબ્લીસીટી– વલસાડ. | ૩૦૧/૧૨–૧૧ –૨૦૨૧ | ૭,૫૦૦/– |

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.–૦૩ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૩</u>**

**<u>વિષયઃ–</u> ફાયર શાખામાં કાયમી " ખલાસી " તરીકે કામ કરતાં બે કર્મચારીને, બે(૨) જોડી ડ્રેસ આપવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ફાયર શાખામાં કાયમી " ખલાસી " તરીકે કામ કરતાં કર્મચારીને દર બે વર્ષે, બે(૨) જોડી ડ્રેસ આપવામાં આવ્યા હતાં. અગાઉ તા.:૨૭/૭/૨૦૧૭ના રોજ આપેલ હતાં.અને પાંચ વર્ષ થઈ ગયા હોય,નીચે જણાવેલ ફાયર શાખામાં ફકત બે કાયમી ખલાસી તરીકે ફરજ બજાવે છે. જેઓને (૨) બે જોડી ડ્રેસ આપવા અંગે સ્થાનિક બજારમાંથી ત્રણ ભાવો મંગાવી ઓછા ભાવે ગણવેશની ખરીદી કરી, સદરહું નીચે મુજબના નામોવાળા કાયમી ખલાસીને ગણવેશ રૂા.૫૦૦૦/–ની મર્યાદામાં ખરીદી કરી આપવાનું તેમજ જે અંગેનો થનાર ખર્ચ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**(૧) શ્રી ભીખુ એમ. પટેલ.**
**(૨) શ્રી યુનુસ જી.ગેબી.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.–૦૪ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૪</u>**

**<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકા, વલસાડના જુદા જુદા શાખામાં ફરજ બજાવતાં પટેલ રાજુભાઈ બુધિયાભાઈ વિગેરે જુદા જુદા કાયમી કર્મચારીઓ નિવૃત્ત થતાં, તેઓની નીકળતી ગ્રેજયુઈટી, રૂપાંતરિત પેન્શન, વિગેરે ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા, વલસાડના કાયમી ફરજ બજાવતા પટેલ રાજુભાઈ બુધિયાભાઈ વિગેરે જુદા જુદા શાખાના નીચે જણાવેલ કાયમી કર્મચારીઓ નિવૃત થતાં તેમની નિયમોનુસાર નીકળતી નીચે જણાવ્યા મુજબની ગ્રેજયુઈટી, રૂપાંતરીત પેન્શન વિગેરેની ચુકવણી કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ. નં. | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તી તારીખ | ગ્રેજયુઈટી રૂા. | રૂપાંતરીત પેન્શન | પેન્શન રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | પટેલ રાજુભાઈ બુધિયાભાઈ | આરોગ્ય | ૩૦–૦૪–૨૦૨૨ | ૫૮૮૯૦૨/– | ૨૪૨૮૭૦/– | ૬૧૭૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૨ | સોલંકી ભારતી અમૃતભાઈ | આરોગ્ય | ૩૧–૦૫–૨૦૨૨ | ૫૦૦૭૫૮/– | ૨૩૫૦૦૪/– | ૫૯૭૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૩ | રાઠોડ મનોજ ફકીરભાઈ | આરોગ્ય | ૩૦–૦૬–૨૦૨૨ | ૫૧૮૦૨૫/– | ૨૩૫૦૦૪/– | ૫૯૭૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૪ | પટેલ ભીખુભાઈ બાબુભાઈ | આરોગ્ય | ૩૦–૦૬–૨૦૨૨ | ૫૩૫૨૯૩/– | ૨૩૫૦૦૪/– | ૫૯૭૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૫ | ચૌધરી દિનકર કારીયાભાઈ | બાંધકામ | ૩૦–૦૬–૨૦૨૨ | ૫૭૦૨૦૮/– | ૨૪૨૪૭૭/– | ૬૧૬૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૬ | સોલંકી વિનોદ ચીનાભાઈ | ડ્રેનેજ | ૩૦–૦૬–૨૦૨૨ | ૬૧૬૦૯૪/– | ૨૫૪૦૮૦/– | ૬૪૬૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |

**સ.મ.મંજુર..**

---

**<u>કામ નં.–૫</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના નિવૃત્ત થયેલા કર્મચારી ધનસુખભાઈ બી.રાઠોડ, વિગેરે જુદા જુદા શાખાના કર્મચારીઓને મોંઘવારી ભથ્થાના દરો વધવાથી તે આધારિત ગ્રેજયુઈટી / હકક રજા તફાવત ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના નિવૃત્ત થયેલા કર્મચારીઓને નિવૃત્તિના સમયે વલસાડ નગરપાલિકામાં પ્રવર્તમાન મોંઘવારી ભથ્થાના દરો નીચે પ્રમાણે ગ્રેજયુઈટી / હકક રજાની ચુકવણી કરવામાં આવેલ હતી. પરંતુ નિવૃત્તિ સમયે મોંઘવારી દરોમાં વધારો થતાં તેઓને નીચે મુજબની વિગતે તફાવત ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

| કર્મચારીનું નામ. | નિવૃતિ તારીખ | ગ્રેજયુઈટી / હકક રજા | ચુકવેલ મોંઘવારી ભથ્થા દર (%) | ચુકવવા પાત્ર મોંઘવારી ભથ્થા દર (%) | ચુકવેલ ગ્રેજયુઈટી | ચુકવવા પાત્ર ગ્રેજયુઈટી | તફાવત |
|---|---|---|---|---|---|---|---|
| ધનસુખભાઈ બી. રાઠોડ | ૩૦/૦૯/૨૦૧૭ | ગ્રેજયુઈટી | ૧૨૫ | ૧૩૯ | ૩૦૦૨૪૦ | ૩૧૮૨૨૪ | ૧૮૬૮૪ |
| ધનસુખભાઈ બી. રાઠોડ | ૩૦/૦૯/૨૦૧૭ | હકકરજા | ૧૨૫ | ૧૩૯ | ૨૫૦૨૦૦ | ૨૬૫૭૭૦ | ૧૫૫૭૦ |
| ધર્મેન્દ્ર બી. ભગત | ૨૭/૦૮/૨૦૧૮ | ગ્રેજયુઈટી | ૧૩૬ | ૧૪૮ | ૬૪૭૫૮૦ | ૬૮૦૫૨૦ | ૩૨૯૪૦ |
| ધર્મેન્દ્ર બી. ભગત | ૨૭/૦૮/૨૦૧૮ | હકકરજા | ૧૩૬ | ૧૪૮ | ૨૭૬૩૧૮ | ૨૯૨૬૨૪ | ૧૬૩૦૬ |
| ઈશ્વર એમ. પટેલ | ૩૧/૧૦/૨૦૧૩ | ગ્રેજયુઈટી | ૭૨ | ૯૦ | ૨૩૫૫૦૫ | ૨૬૦૧૪૮ | ૨૪૬૪૩ |

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.–૦૬/ તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૬</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના સેનેટરી શાખામાં ફરજ બજાવતા કર્મચારી દિનેશ કાનાભાઈ વાઘેલા તા.:૧૦/૧૧/૨૦૧૧ ના દિને મરણ પામેલ હતા.તેઓની ગ્રેજયુઈટી તફાવતની રકમ ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના સેનેટરી શાખામાં ફરજ બજાવતા કર્મચારી શ્રી દિનેશ કાનાભાઈ વાઘેલા તા.:૧૦/૧૧/૨૦૧૧ના દિને મરણ પામેલ હતા. તેઓને તે સમયે પાંચમા પગાર પંચ મુજબ ગ્રેજયુઈટીની રકમની ચુકવણી રૂા.૨૫૧૧૫૨.૦૦ નોકરીના વર્ષ–૨૨ મુજબ કરવામાં આવેલ હતી. ત્યારબાદ નગરપાલિકા નિયામકશ્રીના પત્ર ક્રમાંક નંબર નપાની / મહેકમ–૧/છ.પ.પ/ વલસાડ/વશી / ૧૩૯૪ /૧૨ તા.:૦૩/૦૯/૨૦૧૨ થી તા.: ૦૧ / ૦૪ /૨૦૧૦ થી સદરહુ લાભ આપવામાં આવેલ હતો. જે મુજબ ગણતરી કરતાં તેઓને કુલ નોકરી–૨૨ વર્ષ મૂળ પગાર ૫૩૧૦ + ૬૧૦૬ મોંઘવારી ભથ્થું કુલ પગાર રૂા.૧૧૪૧૬/– મુજબ ગ્રેજયુઈટીની રકમ રૂા.૩૩૨૬૬૨/– પુરાની ચુકવણી કરવા પાત્ર થાય છે. જેથી તેઓને કુલ તફાવતની રકમ રૂા.૮૧૫૧૦/– પુરા ચુકવણી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૦૭/ તા.:૧૯–૦૪–૨૦૨૨

---

<u>કામ નં.–૭</u>

<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકા–વલસાડના મોગરાવાડી ઝોન ઓફિસના રોજીંદા સફાઈ કામદાર કાંતિભાઈ રૂમસીભાઈ પટેલ, તા.:૦૧–૦૨–૨૦૨૨ના રોજ મરણ પામેલ હતા.તેઓને ઔદ્યોગિક એકટ મુજબ ગ્રેજયુઈટી ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા, વલસાડના જુદા જુદા શાખાના નીચે જણાવેલ રોજીંદા કર્મચારીઓ નિવૃત થતાં તેમની નિયમોનુસાર નીકળતી નીચે જણાવ્યા મુજબની ગ્રેજયુઈટીની રકમ,ઔદ્યોગિક એકટ મુજબ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ નં | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તી તારીખ | દૈનિક વેતન રૂા. | ગ્રેજયુઈટીની રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી કાંતિભાઈ રૂમસીભાઈ પટેલ | મોગરાવાડી ઝોન ઓફિસ સફાઈ કામદાર. | ૦૧/૦૨/૨૦૨૨ (મરણ) | ૩૪૮.૨૩ | ૩૪૮.૨૩ × ૧૫×૩૨ = ૧,૬૭,૧૫૦/– |

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૦૮ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**કામ નં.–૮**

**વિષયઃ–** **સેવા પેન્શન મેળવતા નિવૃત્ત કર્મચારી ગોકુળભાઈ છોટુભાઈ પટેલ, સફાઈ કામદારના મૃત્યુ પ્રસંગે આપવાની થતી રાહતની રકમ રૂા.૧૫૭૯૪/– ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**ઠરાવ.:**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,અરજદારશ્રી પાર્વતીબેન ગોકુળભાઈ પટેલની અરજીમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી ગોકુળભાઈ છોટુભાઈ પટેલ નગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતાં હતા. તેઓનું તા.:૩૦/૦૯/૨૦૨૧ ના રોજ મરણ થયેલ હતું.ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક નં.નવત – ૧૦૮૦ – ૩૮૩૪ તા.:૨૬ / ૧૨/ ૧૯૮૦ અન્વયે નિવૃત્ત કર્મચારીના મૃત્યુ પ્રસંગે તેમને મળતા મૂળ બેઝીક પગાર + મોંઘવારી ભથ્થું ચુકવવાપાત્ર થાય છે. જે મુજબ મુળપગાર રૂા.૫૪૬૫ + મોંઘવારી ભથ્થું રૂા.૧૦૨૩૯ મળી કુલ રૂા.૧૫૭૯૪.૦૦ પુરા ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૦૯/ તા.:૧૯–૦૪–૨૦૨૨

---

<u>કામ નં.–૯</u>

<u>વિષયઃ–</u> ગુ.મ્યુનિ. ફાઈ. બોર્ડ,ગાંધીનગરના હુકમ ક્રમાંક નં.: મફબ / વ્ય.વેરા(૫૦%)ન.પા./ ૨૦૨૧–૨૨ /૨૦૨૨ /૪૯૧૫ તા.:૨૯/૦૩/૨૦૨૨ થી વલસાડ નગરપાલિકા–વલસાડને વ્યવસાય વેરા ગ્રાંટની ફાળવેલ ગ્રાંટમાંથી કામો નકકી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા–વલસાડને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક નંબર.: મફબ / વ્ય.વેરા (૫૦%) ન. પા. / ૨૦૨૧–૨૨ / ૨૦૨૨ / ૪૯૧૫ તા.:૨૯/૦૩/૨૦૨૨થી ફાળવવામાં આવેલ નીચે જણાવેલ વ્યવસાયવેરા ગ્રાંટની ફાળવેલ ગ્રાંટમાંથી, ગ્રાંટની શરતો મુજબ અગ્રતાક્રમના ધોરણે કામો નકકી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાની સત્તા, પ્રમુખશ્રી, ચેરમેનશ્રી–કારોબારી સમિતિ, અને ચીફઓફીસરશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

– સંદર્ભ મુજબ (૫૦%) ફાળવેલ ગ્રાંટ..... <u>રૂા.૧,૦૨,૦૭,૪૭૩/–.</u>

કુલ ફાળવેલ ગ્રાંટ ..... રૂા.૧,૦૨,૦૭,૪૭૩/–.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૧૦ / તા.:૧૯–૦૪–૨૦૨૨

---

<u>કામ નં.–૧૦.</u>

<u>વિષયઃ–</u> ગુ.મ્યુનિ. ફાઈ. બોર્ડ,ગાંધીનગરના હુકમ ક્રમાંક નં.:મફબ /યુ–૨/૧૫મું નાણાપંચ / પ્રથમ હપ્તો(ટાઈડ ગ્રાંટ)/૨૦૨૧–૨૨/૨૩૩૩ તા.૨૩–૦૨–૨૦૨૨થી વલસાડ નગરપાલિકા–વલસાડને ૧૫માં નાણાંપંચ ગ્રાંટની ફાળવેલ ગ્રાંટમાંથી કામો નકકી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા–વલસાડને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નંબર.: (૧) મફબ /યુ–૨/૧૫મું નાણાપંચ / પ્રથમ હપ્તો(ટાઈડ ગ્રાંટ)/૨૦૨૧–૨૨/૨૩૩૩ તા.૨૩–૦૨–૨૦૨૨ (૨) સીએફસી / ૧૦૨૦૧૮ / ૩૬૦ /બ, પાર્ટ–૦૩ તા.: ૦૯–૦૨–૨૦૨૨થી નીચે જણાવેલ ૧૫માં નાણાંપંચ ગ્રાંટ હેઠળ ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. જે ૧૫માં નાણાંપંચ ગ્રાંટની શરતો મુજબ કામો નકકી કરવા શરતોમાં જણાવેલ છે. વધુમાં,૧૫ માં નાણાંપંચના કામો માટે તાંત્રિક મંજુરી સંબધિત પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરીમાંથી મેળવવા માટે સંદર્ભહેઠળના પત્રો અને ૧૫માં નાણાંપંચની ગાઈડલાઈન / શરતો મુજબ કામો નકકી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાની સત્તા, પ્રમુખશ્રી, ચેરમેનશ્રી–કારોબારી સમિતિ, અને ચીફઓફીસરશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

– સંદર્ભ મુજબ ફાળવેલ ગ્રાંટ...... રૂા.૧,૩૯,૭૯,૪૯૮/–.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૧૧/ તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૧૧</u>**

**<u>વિષય:–</u> ગુ.મ્યુનિ. ફાઈ. બોર્ડ,ગાંધીનગરના હુકમ ક્રમાંક નં.:મફબ /યુ–૨/૧૫મું નાણાપંચ / બીજો હપ્તો(ટાઈડ ગ્રાંટ)/૨૦૨૧–૨૨/૫૭૭૬ તા.૩૦–૦૩–૨૦૨૨થી વલસાડ નગરપાલિકા–વલસાડને ૧૫માં નાણાંપંચ ગ્રાંટની ફાળવેલ ગ્રાંટમાંથી કામો નકકી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા–વલસાડને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નંબર.: (૧)મફબ /યુ–૨/૧૫મું નાણાપંચ / બીજો હપ્તો(ટાઈડ ગ્રાંટ)/૨૦૨૧–૨૨/૫૭૭૬ તા.૩૦–૦૩–૨૦૨૨ (૨)સીએફસી / ૧૦૨૦૧૮ /૩૬૦ / બ, પાર્ટ–૦૩ તા.: ૦૯–૦૨–૨૦૨૨ થી નીચે જણાવેલ ૧૫માં નાણાંપંચ ગ્રાંટ હેઠળ ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. જે ૧૫માં નાણાંપંચ ગ્રાંટની શરતો મુજબ કામો નકકી કરવા શરતોમાં જણાવેલ છે. વધુમાં, ૧૫માં નાણાંપંચના કામો માટે તાંત્રિક મંજુરી સંબધિત પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરીમાંથી મેળવવા માટે સંદર્ભ હેઠળના પત્રો અને ૧૫માં નાણાંપંચની ગાઈડલાઈન / શરતો મુજબ કામો નકકી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાની સત્તા, પ્રમુખશ્રી, ચેરમેનશ્રી–કારોબારી સમિતિ, અને ચીફઓફીસરશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**– સંદર્ભ (૧)મુજબ ફાળવેલ ગ્રાંટ...... રૂા.૧,૨૧,૭૫,૨૪૩/–.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.–૧૨/ તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૧૨</u>**

**<u>વિષયઃ–</u> ગુ.મ્યુનિ. ફાઈ. બોર્ડ, ગાંધીનગરના હુકમ ક્રમાંક નં.: મફબ / યુ–૨ /૧૫મું નાણાપંચ / બીજો હપ્તો ( અનટાઈડ ગ્રાંટ ) / ૨૦૨૧–૨૨ / ૪૭૪૭ તા.૨૯–૦૩–૨૦૨૨થી વલસાડ નગરપાલિકા–વલસાડને ૧૫માં નાણાંપંચ ગ્રાંટની ફાળવેલ ગ્રાંટમાંથી કામો નકકી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા–વલસાડને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નંબર.: (૧)મફબ /યુ–૨/૧૫મું નાણાપંચ / બીજો હપ્તો(અનટાઈડ)/૨૦૨૧–૨૨/૪૭૪૭ તા.૨૯–૦૩–૨૦૨૨ (૨)સીએફસી / ૧૦૨૦૧૮ /૩૬૦ / બ, પાર્ટ–૦૩ તા.: ૦૯–૦૨–૨૦૨૨ થી નીચે જણાવેલ ૧૫માં નાણાંપંચ ગ્રાંટ હેઠળ ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. જે ૧૫માં નાણાંપંચ ગ્રાંટની શરતો મુજબ કામો નકકી કરવા શરતોમાં જણાવેલ છે. વધુમાં, ૧૫માં નાણાંપંચના કામો માટે તાંત્રિક મંજુરી સંબધિત પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરીમાંથી મેળવવા માટે સંદર્ભ–૨ હેઠળના ગુ.મ્યુ.ફાઈ.બોર્ડના પત્રથી જણાવવામાં આવેલ છે. ઉપરોકત સંદર્ભ હેઠળના પત્રો અને ૧૫માં નાણાંપંચની ગાઈડલાઈન / શરતો મુજબ કામો નકકી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાની સત્તા, પ્રમુખશ્રી, ચેરમેનશ્રી–કારોબારી સમિતિ, અને ચીફઓફીસરશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**– સંદર્ભ (૧)મુજબ ફાળવેલ ગ્રાંટ...... રૂા.૯૬,૮૧,૭૯૦/–.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.–૧૩ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૧૩</u>**

**<u>વિષય:–</u>વલસાડ નગરપાલિકાના હાઉસ ટેક્ષ વિગેરે ડીપાર્ટમેન્ટમાં ખુરશીની જરૂરીયાત હોય,ખુરશી ખરીદી અંગેના આવેલ ભાવો મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના હાઉસ ટેક્ષ વિગેરે ડીપાર્ટમેન્ટમાં ડિસ્કાઉન્ટ સ્કીમ ચાલુ હોઈ તથા નવા ઓપરેટરોની ભરતી કરેલ હોઈ તેને બેસવા માટે ખુરશીની જરૂરીયાત પડેલ છે. જે ખુરશીઓની હાઉસ ટેક્ષ ડીપાર્ટમેન્ટ, વ્યવસાય વેરા ડીપાર્ટમેન્ટ તથા શોપ્સ ડીપાર્ટમેન્ટમાં જરૂર છે. જે અંગે સ્થાનીક બજારમાંથી ૩(ત્રણ) એજન્સીઓ પાસે ભાવો મંગાવવામાં આવેલ છે. જે આવેલ ભાવોનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.**

| અ.નં. | એજન્સીનું નામ. | નંગ | એક ખુરશીનો ભાવ રૂા. | કુલ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | શિવ ફર્નીચર | ૧૦ | ૪૬૫૦/– | ૪૬,૫૦૦–૦૦ |
| ૨ | પુજા હોમ ડેકોર | ૧૦ | ૩૮૧૦.૫૬+જી.એસ.ટી | ૪૪,૯૬૫–૦૦ |
| ૩ | સોમનાથ ક્રીએશન | ૧૦ | ૩૬૪૪/– +જી.એસ.ટી | ૪૩,૦૦૦–૦૦ |

**ઉપરોકત આવેલ ત્રણ એજન્સીના ભાવોનું તુલનાત્મક પત્રક બનાવતા એકંદરે સોમનાથ ક્રીએશનનો ભાવ સૌથી ઓછો આવેલ હોય, જે અન્ય આવેલ ભાવો કરતા ઓછો હોય, સોમનાથ ક્રીએશન પાસે જરૂરીયાત મુજબ–૧૦નંગ ખુરશી ખરીદવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા સામાન્ય સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૧૪/ તા.:૧૯–૦૪–૨૦૨૨

---

<u>કામ નં.–૧૪</u>

<u>વિષયઃ–</u> **મંજુર થયેલ મહેકમની ૧૦૫ જગ્યા પૈકી ખાલી પડેલ જગ્યા પર નિમણુંક બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..**

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં વલસાડ નગરપાલિકામાં હાલના મંજુર થયેલા મહેકમની મે. નગરપાલિકા નિયામકશ્રી, ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક : નપાની / મહેકમ / વલસાડ / ફા.નં.૧૨૯૨ / વશી / ૨૦૧૬ / તા.: ૨૩/૦૨/ ૨૦૧૬ થી ૧૦૫ જગ્યાઓની મંજુરી મળેલ છે. જેમાં કલાર્ક સંવર્ગની તા.:૧૭/૦૭/૨૦૧૭ થી ૬(છ) કલાર્કોની શરતોને આધિન નિમણુંક આપવામાં આવેલ છે. ઉપરોકત મંજુર થયેલ ૧૦૫ જગ્યાઓમાં કલાર્કની કુલ–૮(આઠ) જગ્યાઓ મંજુર થયેલ છે. જે પૈકી સિનિયોરીટી લીસ્ટના આધારે ૬(છ) જગ્યાઓ તા.: તા.:૧૭/૦૭/ ૨૦૧૭ ના નિમણુંક હુકમથી ભરવામાં આવેલ છે. જે પૈકી ૨(બે) જગ્યાઓ ભરવાની બાકી હતી. વલસાડ નગરપાલિકાની સામાન્ય સભા ઠરાવ નં.–૨૩૪ / તા.:૩૦/૦૧/૨૦૧૭ થી સિનિયોરીટી મુજબ નિમણુંક હુકમો આપવા અંગેનો ઠરાવ કરવામાં આવેલ છે.

ઉપરોકત નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અને વલસાડ નગરપાલિકાની સામાન્ય સભા ઠરાવ નં.–૨૩૪ / તા.:૩૦/૦૧/૨૦૧૭ જોતાં નિમણુંક અંગેની કાર્યવાહી કરવા સબંધે હિરેન ચંદુલાલ પટેલની અરજી અત્રે આવેલ છે. કલાર્ક સંવર્ગની તા.:૧૭/૭/૨૦૧૭ થી શરતોને આધિન થયેલ નિમણુંક મુજબ બાકી રહેલ સદર જગ્યા ભરવા સંબંધ મે.નગરપાલિકા નિયામકશ્રી, ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક : નપાની / મહેકમ / વલસાડ / ફા.નં.૧૨૯૨ / વશી / ૨૦૧૬ / તા.:૨૩/૦૨/૨૦૧૬થી જણાવેલ શરતોને આધિન, જરૂરી આગળની કાર્યવાહી કરવા પસંદગી સમિતિ તરફ સાદર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૧૫ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૧૫</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાની માલીકીની જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદી જુદી માર્કેટો, શોપીંગ સેન્ટરોની દુકાનોમાં નામ ટ્રાન્સફર / વારસાઈરૂએ નામફેર કરવાની આવેલ અરજીઓ અંગે જરૂરી નિર્ણય થવા બાબત.**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની માલીકીની જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદી જુદી માર્કેટો, શોપીંગ સેન્ટરોની દુકાનોમાં નામ ટ્રાન્સફર, વારસાઈરૂએ નામફેર કરવાની જુદી જુદી નીચે જણાવેલ આવેલ અરજીઓ, લાયસન્સ ફી વસુલાત શાખા તેમજ ચીફ ઓફીસરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ તથા જણાવેલ શરતોને આધીન રહી નામ ટ્રાન્સફર કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**વધુમાં નકકી કરવામાં આવ્યું કે, જો કોઈ ન.પા.ની માલીકીના શોપીંગ સેન્ટર /માર્કેટના, હયાત કબજેદાર/ભોગવટેદાર, જો તેના વારસદારો પૈકી, કોઈપણ એક વારસદારના નામે નામ ટ્રાન્સફરની અરજી આવ્યેથી, મુળ કબજેદાર/ ભોગવટેદાર તેમજ તેમના બાકીના વારસદારોની ધારાધોરણ મુજબ સ્ટાંપ પેપર ઉપર સંમતિપત્ર નોટરી વકીલના સહી સિકકાવાળી મેળવી, નિયમોનુસાર નામ ટ્રાન્સફર ફી ભરાવી, દુકાન ટ્રાન્સફર કરવા અંગેની જરૂરી નિયમમુજબ આગળની કાર્યવાહી કરાવવાનું પણ ઠરાવવામાં આવે છે.**

| અ.નં. | માર્કેટ / શોપીંગ સેન્ટરનું નામ. | દુકાન નંબર | નામ. | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | મોરારજી દેસાઈ શોપીંગ સેન્ટર | ૦૮ | આકાશ વિજયકુમાર ચાંડક | ટ્રાન્સફર |
| ૨ | ડી.એન.શોપીંગ સેન્ટર | ૬૧ | રાહુલ અશોકકુમાર મલુકાની | ટ્રાન્સફર |
| ૩ | ડી.એન.શોપીંગ સેન્ટર | ૬૨ | રાહુલ અશોકકુમાર મલુકાની | ટ્રાન્સફર |
| ૪ | ડી.એન.શોપીંગ સેન્ટર | ૩૬ | રાહુલ અશોકકુમાર મલુકાની | ટ્રાન્સફર |
| ૫ | ડી.એન.શોપીંગ સેન્ટર | પ્રથમ–૧ | રાહુલ અશોકકુમાર મલુકાની | ટ્રાન્સફર |
| ૬ | ડી.એન.શોપીંગ સેન્ટર | ૫૯ | રાહુલ અશોકકુમાર મલુકાની | ટ્રાન્સફર |
| ૭ | ડી.એન.શોપીંગ સેન્ટર | ૩૮ | રાહુલ અશોકકુમાર મલુકાની | ટ્રાન્સફર |

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૧૬/ તા.:૧૯–૦૪–૨૦૨૨

---

<u>કામ નં.–૧૬</u>

<u>વિષયઃ–</u> **વલસાડ નગરપાલિકા હદના નાગરિકો તરફથી પ્રસંગોપાત કાર્યક્રમ માટે કામ ચલાઉ મંડપ બાંધવાની ફીમાં વધારો કરવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..**

<u>ઠરાવ.:</u>

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા જનરલ બોર્ડ ઠરાવ નં.૩૪ / તા.: ૩૦/૦૭/૨૦૦૯ ( છેલ્લા ૧૨ વર્ષથી ફીમાં કોઈપણ વધારો કરવામાં આવેલ નથી ) ધાર્મિક પ્રસંગ હોઈ તો રૂા.૫૧/– એક દિવસના તથા અન્ય પ્રસંગ હોઈ તો સ્કે.ફુટના રૂા.૧.૦૦ એક દિવસના પ્રમાણે મંડપ બાંધવાની ફી રસ્તા રોકાણ ફી વસુલાત કરવાનું ઠરાવેલ. જેના બદલે હવેથી વલસાડ નગરપાલિકા હદના નાગરિકો તરફથી પ્રસંગોપાત ધાર્મિક પ્રસંગ હોઈ તો રૂા.૨૫૧/– એક દિવસના અને અન્ય પ્રસંગ હોઈ તો સ્કે.ફુટના રૂા.૧૦/–પ્રમાણે રસ્તા રોકાણ ફી વસુલાત લેવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૧૭ / તા.:૧૯–૦૪–૨૦૨૨

---

<u>કામ નં.–૧૭</u>

<u>વિષય:–</u> વલસાડ નગર પાલિકા શાકભાજી માર્કેટના અંદરના ભાગે ચોતરા તથા અંદરના ભાગે, બહારના ભાગે ફરતી લારીની ફીમાં વધારો કરવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા કારોબારી સમિતિ ઠરાવ નં.૭૭૫ / તા.:૩૧/૦૮/૨૦૦૪ તથા જનરલ બોર્ડ ઠરાવ નં. ૧૪૮ / ૨૯/૧૦/૨૦૦૪ થી શાકભાજી માર્કેટમાં અંદરના ભાગે ચોતરા ફી રૂા.૫/– નવી શાકભાજી માર્કેટના અંદરના ભાગે રૂા.૧૦/– નવી શાકભાજી માર્કેટ બહારના ભાગે ફ્રુટવાળા શાકભાજીવાળા કટલરી રેડીમેઈડ વિગેરે રૂા.૧૫/– ખાણી પીણીની લારીઓ ખાદ્ય પદાર્થ ખુરશી ટેબલવાળા રૂા.૩૦/– આઈસ્ક્રીમ ટેમ્પો ( થ્રી વ્હીલર ) રૂા.૧૦૦/– વસુલાત કરવામાં આવે છે. જેને બદલે ચોતરા ફી રૂા.૧૦/– નવી શાકભાજી માર્કેટના અંદરના ભાગે રૂા.૨૦/– નવી શાકભાજી માર્કેટ બહારના ભાગે ફ્રુટવાળા શાકભાજીવાળા કટલરી રેડીમેઈડ વિગેરે રૂા.૩૦/–ખાણીપીણીની લારીઓ ખાદ્ય પદાર્થ ખુરશી ટેબલવાળા રૂા.૧૨૦/– આઈસ્ક્રીમ ટેમ્પો ( થ્રી વ્હીલર )રૂા.૧૫૦/–પ્રમાણે વસુલાત કરવા આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં, ફરતી લારી, રસ્તાને અડચણરૂપ ન થાય, નકકી કરેલ લોકેશન પર જ ઉભી રહે તેવું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૮ / તા.:૧૯–૦૪–૨૦૨૨

---

<u>કામ નં.–૧૮</u>

<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકા હસ્તકની શોપીંગ સેન્ટર / માર્કેટોમાં આવેલ દુકાન / ઓફિસના માસિક ભાડામાં વધારો કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હસ્તકની ૧૦ શોપીંગ સેન્ટરો તેમજ ૧૦ માર્કેટોની દુકાનો / ઓફિસ પ્રિમાઈસીસોના કબજા હકકથી જે તે દુકાનો / ઓફિસો જે તે સમયમાં નગરપાલિકા ધ્વારા ફાળવણી કરવામાં આવેલ છે. સદરહુ શોપીંગ સેન્ટર / માર્કેટની દુકાનો / ઓફિસોના ભાડા ખુબજ નજીવા દરે વસુલવામાં આવે છે. સદરહું નગરપાલિકા હસ્તકની શોપીંગ સેન્ટર/ માર્કેટ ખુબજ જુના હોય, અને હાલે સદરહું શોપીંગ સેન્ટર / માર્કેટની મરામત નગરપાલિકા ધ્વારા કરવામાં આવતી હોય છે. અને સદરહુ મિલકતો ખુબજ જુની હોવાથી મરામતનો ખર્ચ ખુબજ વધી જાય એવી શકયતા રહેલી છે. સદરહું શોપીંગ સેન્ટર / માર્કેટોના ભાડા વધારવા માટે સ્થાનિક વર્તુળ ઓડીટ વિભાગ ધ્વારા અવાર–નવાર નગરપાલિકાને ઓડીટ પેરા આપવામાં આવે છે. જેથી સદરહુ બાબતને ધ્યાને લઈ તેમજ નગરપાલિકામાં આવકના સ્ત્રોત ઉભા કરવા માટે શોપીંગ સેન્ટર / માર્કેટની દુકાનો / ઓફિસોના માસિક ભાડામાં વધારો કરવાની જરૂરીયાત હોય.

ઉપરોકત કામે વલસાડ નગરપાલિકા હસ્તકના કુલ–૧૦ શોપીંગ સેન્ટરમાં આ સાથે સામેલ પરિશિષ્ટ–૦૧ માં જણાવ્યા મુજબ કોલમ નં.–૦૫ માં નગરપાલિકા ધ્વારા હાલે ભાડું વસુલ કરવામાં આવે છે. અને કોલમ નં.–૦૬ થી ૦૯ માં જે તે સ્કે.ફીટ મુજબ સૂચિત ભાડુ દર્શાવેલ છે. અને કોલમ નં.–૧૦ માં જણાવ્યા મુજબ નગરપાલિકામાં હાલે પેટા ભાડું તરીકેનું કોઈ ભાડાની વસુલાત કરવામાં આવતી નથી.જયારે કોલમ નં.–૧૧ થી ૧૪ માં જે તે સ્કે.ફીટ મુજબ સૂચિત પેટા ભાડુતનું ભાડું દર્શાવેલ છે. અને વલસાડ નગરપાલિકા ધ્વારા કોલમ નં.–૧૧ થી ૧૪ માં જે તે સ્કે.ફીટ મુજબ સુચિત પેટા ભાડુતનું ભાડું દર્શાવેલ છે. અને વલસાડ નગરપાલિકા ધ્વારા કોલમ નં.–૧૫ માં જણાવ્યા મુજબ નગરપાલિકા ધ્વારા –૦૧ સ્કે.ફીટની ટ્રાન્સફર ફીની વસુલાત કરવામાં આવે છે. જયારે કોલમ નં.–૧૬ માં જણાવ્યા મુજબ ૦૧ સ્કે.ફુટની ( પ્રથમમાળ અને બીજોમાળ ) સુચિત ટ્રાન્સફર ફી દર્શાવેલ છે.

ઉપરોકત  કામે વલસાડ નગરપાલિકા હસ્તકના કુલ–૧૦ માર્કેટ સેન્ટરમાં આ સાથે સામેલ પરિશિષ્ટ–૦ર માં જણાવ્યા મુજબ કોલમ નં.–૦પ માં નગરપાલિકા ધ્વારા હાલે ભાડું વસુલ કરવામાં આવે છે. અને કોલમ નં.–૦૬ થી ૦૯ માં જે તે સ્કે.ફીટ મુજબ સૂચિત ભાડુ દર્શાવેલ છે. અને કોલમ નં.–૧૦ માં જણાવ્યા મુજબ નગરપાલિકામાં હાલે પેટા ભાડું તરીકેનું કોઈ ભાડાની વસુલાત કરવામાં આવતી નથી.જયારે કોલમ નં.–૧૧ થી ૧૪ માં જે તે સ્કે.ફીટ મુજબ સૂચિત પેટા ભાડુતનું ભાડું દર્શાવેલ છે. અને વલસાડ નગરપાલિકા ધ્વારા કોલમ નં.–૧૧ થી ૧૪ માં જે તે સ્કે.ફીટ મુજબ સુચિત પેટા ભાડુતનું ભાડું દર્શાવેલ છે. અને વલસાડ નગરપાલિકા ધ્વારા કોલમ નં.–૧પ માં જણાવ્યા મુજબ નગરપાલિકા ધ્વારા –૦૧ સ્કે.ફીટની ટ્રાન્સફર ફીની વસુલાત કરવામાં આવે છે. જયારે કોલમ નં.–૧૬ માં જણાવ્યા મુજબ ૦૧ સ્કે.ફુટની ( પ્રથમમાળ અને બીજોમાળ ) સુચિત ટ્રાન્સફર ફી દર્શાવેલ છે.

વિશેષમાં સદરહુ પરિશિષ્ટ–૦૧ તથા પરિશિષ્ટ–૦ર માં જણાવ્યા મુજબ કોલમ નં.–૦૬ થી ૦૯ અને કોલમ નં.–૧૧ થી ૧૪ માં દર્શાવેલ રકમમાં દર ૦પ(પાંચ) વર્ષે ૦પ% લેખે વધારો વસુલવાનો રહેશે.

નગરપાલિકાના શોપીંગ સેન્ટર / માર્કેટોની દુકાન / ઓફિસોમાં સદરહુ દુકાન / ઓફિસ પેટા ભાડુત તરીકે આપવા માંગતા હોય તો નગરપાલિકાની ફરજીયાતપણે પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. અને તે પેટે નગરપાલિકામાં **NOC** દાખલા પેટે રૂા.૧૦૦૦/– પુરા નગરપાલિકામાં એડવાન્સ જમા કરી જે તે પ્રકારની વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

ઉપરોકત હકીકતોને ધ્યાને લેતા નગરપાલિકા હસ્તકની આવેલ શોપીંગ સેન્ટર / માર્કેટોમાં પરિશિષ્ટ–૦૧ તેમજ પરિશિષ્ટ–૦રમાં જણાવ્યા મુજબના સૂચિત માસિક વધારો કરવા અંગેના આવેલ કામે, ચર્ચા વિચારણાના અંતે, દર પાંચ વર્ષે પ%નો વધારો અગાઉ સમગ્ર સભામાં મંજુર થયા મુજબ રાખવાનું તેમજ જ.બો.ઠ.નં.–પ૮૬/તા.:૩૦–૧૦–ર૦૧૮ મુજબ સેનીટેશન યુઝર ચાર્જીસ, કોવીડ–૧૯ની મહામારીના કારણે અમલવારી થઈ ન હતી.જે સને ર૦રર–ર૩ થી અમલવારી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૧૯ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૧૯</u>**

**<u>વિષય:–</u>સમાજ કલ્યાણ સમિતિ ઠરાવ નં.૧ તા.:૩૧/૦૩/૨૦૨૨ થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના પરિસરમાં એક આધાર કેન્દ્ર માટે એજન્સીની નિમણુંક કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**સમાજ કલ્યાણ સમિતિ ઠરાવ નં.૧ તા.:૩૧/૦૩/૨૦૨૨ થી ઠરાવ્યા મુજબ,હાલમાં સામાન્ય પ્રજા આધાર કાર્ડ બનાવવા કે અપડેટ કરવા અથવા આધારને લગતી બીજી કોઈ પણ કામગીરી માટે કલેકટર કચેરી જવા પડે છે. પરંતુ ફોર્મ ઉપર નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યની સહીની જરૂર હોય લાભાર્થી ને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.તેવા સંજોગોમાં સમાજ કલ્યાણ સમિતિ દ્વારા વલસાડ નગરપાલિકાના પરિસરમાં કોઈપણ એજન્સી દ્વારા આધાર સેન્ટર નકકી કરવામાં આવે જેનો લાભ ન.પા.ને થાય અને ન.પા. પર કોઈપણ વધારાનું ભારણ ના રહે તેવા શુભઆશયથી સદરહું કામે ચર્ચા વિચારણાને અંતે ઠરાવ્યું કે, શહેરીજનોને સરકારશ્રીની યોજનાઓની સુવિધા મેળવવા માટે, CSC સેન્ટરને નગરપાલિકા સંચાલીત શ્રીમતી ગજરાબેન મોરારજી દેસાઈ લાયબ્રેરીમાં પોતાના ખર્ચે રીપેરીંગ/ રીનોવેશન કરાવી લેવાની શરતે સદરહું લાયબ્રેરીમાં જગ્યાની વ્યવસ્થા કરવાનું અને આધાર કાર્ડ માટે સરકારશ્રીએ નિયત કરેલ સર્વિસ ફી લેવી, લાઈટ મીટર અલગથી લેવાનું રહેશે. જેના માટે નગરપાલિકા એનઓસી આપશે.અને લાઈટબીલ જે તે એજન્સીએ અલગથી ભરવું. અને જયારે નગરપાલિકા સદરહું જગ્યા ખાલી કરવા જણાવે ત્યારે ખાલી કરી આપવાની શરતે, સદરહું લાયબ્રેરીમાં જગ્યા આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૦ / તા.:૧૯–૦૪–૨૦૨૨

———————————————————————————————————————————

<u>કામ નં.–૨૦</u>

<u>વિષયઃ–</u> **સમાજ કલ્યાણ સમિતિ ઠરાવ નં.૨ તા.ઃ૩૧/૦૩/૨૦૨૨ થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાનાં સમાજ કલ્યાણ સમિતિમાં NULM વિભાગમાં સાધનોની ખરીદી કરવા બાબત..**

<u>ઠરાવ.:</u>

**સમાજ કલ્યાણ સમિતિ ઠરાવ નં.૨ તા.ઃ૩૧/૦૩/૨૦૨૨ થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાનાં સમાજ કલ્યાણ સમિતિમાં NULM વિભાગમાં તમામ કામગીરી ONLINE કરવાની હોય જે માટે ઈન્ટરનેટ કનેકશન તેમજ ઈન્ટરનેટ સિકયોરીટ તેમજ પ્રિન્ટરની જરૂરીયાત હોય સાધનોની ખરીદી બાબતેના આવેલ કામે, JEM પરથી કવોટેશન મેળવી,અને ઓથોરાઈઝડ ડીલર પાસે ભાવો મેળવી જે ભાવો વ્યાજબી હોય, તે વ્યાજબી ભાવે ખરીદી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા સામાન્ય સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૧ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૨૧</u>**

**<u>વિષયઃ–</u> સમાજ કલ્યાણ સમિતિ ઠરાવ નં.૩ તા.:૩૧/૦૩/૨૦૨૨ થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકામાં નોંધાયેલ BPL નંબરના વિષયમાં યોગ્ય નિર્ણય કરી આયોજનમાં લેવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**સમાજ કલ્યાણ સમિતિ ઠરાવ નં.૩ તા.:૩૧/૦૩/૨૦૨૨ થી ઠરાવ્યા મુજબ,ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડ,અમદાવાદ દ્વારા સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના અન્વયે સને–૨૦૦૪ માં વસ્તી ગણતરીના આધારે BPL લાભાર્થીની યાદી બનાવેલ આ યાદીમાં ૨૦૦૪ પછી કોઈપણ પ્રકારનું સર્વે થયેલ ના હોય જરૂરીયાત મંદ લોકોને સરકારશ્રીની યોજનાના લાભોથી વંચિત રહી જાય છે જેના અનુસંધાનમાં સરકારશ્રીમાં દરખાસ્ત કરી યાદીમાં સુધારો વધારો કરવા બાબતેના આવેલ કામે, સદરહું કામગીરી સરકારશ્રી ધ્વારા આયોજીત હોઈ, અત્રેથી કશું કરવાનું રહેતું નથી.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૨ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૨૨</u>**

**<u>વિષય:–</u> એનયુએલએમ યોજના અંતર્ગત ઘર વિહોણા લોકોને સહાય ઘટક હેઠળ બનાવવામાં આવેલ નાઈટ શેલ્ટરમાં લાઈટ કનેકશન આપવા ધર્મેશ ઈલેકટ્રીકલ્સ,ધરમપુર રોડ, વલસાડનું આવેલ બીલ રૂા.૨૯૬૦/–મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, એનયુએલએમ યોજના અંતર્ગત ઘર વિહોણા લોકોને સહાય ઘટક હેઠળ બનાવવામાં આવેલ નાઈટ શેલ્ટરમાં લાઈટ કનેકશન આપવા માટે શેલ્ટર હોમમાં લાઈટ કનેકશન આપવા કેબલની ખરીદી, ધર્મેશ ઈલેકટ્રીકલ્સ, ધરમપુર રોડ, વલસાડ પાસેથી કરવામાં આવેલ. સદરહું કેબલ ખરીદી અંગેનું આવેલ બીલ રૂા.૨૯૬૦/– બે હજાર, નવસો સાંઠ પુરાનું ચુકવણું એન.યુ.એલ.એમ યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટમાંથી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૩ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૨૩</u>**

**<u>વિષયઃ–</u> એનયુએલએમ યોજના અંતર્ગત ઘર વિહોણા લોકોને સહાય ઘટક હેઠળ બનાવવામાં આવેલ નાઈટ શેલ્ટરમાં ગાદલા, તકિયા, ચાદર, તકિયા કવર વિગેરેનું મહેબુબ કોટન વર્કસ, તરીયાવડ, વલસાડનું આવેલ બીલ રૂ.૩૫૦૦૦/–મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, એનયુએલએમ યોજના અંતર્ગત ઘર વિહોણા લોકોને સહાય ઘટક હેઠળ બનાવવામાં આવેલ નાઈટ શેલ્ટરમાં લાભાર્થીઓને રાતવાસા માટે વ્યવસ્થા કરવા માટે ગાદલા, તકિયા, ચાદર, તકિયા કવર અને ગાદલા કવરની વ્યવસ્થા કરવામાં આવેલ. જેનું મહેબુબ કોટન વર્કસ, તરીયાવડ, વલસાડનું આવેલ બીલ રૂ.૩૫૦૦૦/– અંકે રૂા. પાંત્રીસ હજાર પુરા મંજુર કરવા સામાન્ય સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૪/ તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૨૪</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હદમાં જાહેર બાંધકામ શાખા મારફતે નગરપાલિકાના જુદા જુદા કામો કરાવેલ જે અંગેના આવેલ જુદા જુદા બીલો મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદમાં નગરપાલિકાના જુદા જુદા કામે તેમજ આકસ્મિક સમયમાં કુદરતી સાવચેતીના પગલાંને ધ્યાને લઈ, નગરપાલિકા હસ્તકના ડી–વોટરીંગ પંપ જરૂરીયાત મુજબ ઉપયોગ કરવામાં આવે છે. સદરહુ ડી–વોટરીંગ પંપ હાલે બંધ હાલતમાં હોય અને આકસ્મિક સમયે આવતી કુદરતી આપતિઓ / નગરપાલિકાના કામે સદરહું ડી–વોટરીંગ પંપને કાર્યરત રાખવાની જરૂરીયાત હોય, સદરહું કામે ડી–વોટરીંગ પંપને જરૂરીયાત મુજબ રીપેરીંગ તેમજ સર્વિસ કરવાના કામે વલસાડના સ્થાનિક ફિલ્ડ માર્શલ એજન્સીઝ, તેમજ શ્રેયસ શંકર ડીઝલ્સ,બેચરરોડ,વલસાડ પાસેથી જરૂરી માલસામાન ખરીદ કરવામાં આવેલ.સદરહું આવેલ બીલનું ચુકવણું મીકેનીક દિનેશ છગનભાઈ પટેલ,તથા ભીખુભાઈ ભાણાભાઈ પટેલ ધ્વારા કરવામાં આવેલ. તેમજ એમ.કે.કોમ્પ્યુટર,વલસાડ પાસે પ્રિન્ટરની નવી ટોર્નર નંગ–૦૧, સીકયોરીટી એન્ટીવાયરસ નાખવામાં આવેલ તથા સીધ્ધી વિનાયક ઝેરોક્ષ,વલસાડ પાસે દસ્તાવેજી પુરાવાઓની ઝેરોક્ષની કામગીરી તેમજ તુષાર ગોસ્વામી,વલસાડ પાસે દબાણ હઠાવવા ની જાહેરાત કરાવવામાં આવેલ. સદરહું જુદી જુદી કરાવેલ કામગીરીના નીચે જણાવેલ જુદા જુદા આવેલ બીલો ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ.નં. | નામ. | બીલ નંબર/ તારીખ. | બીલની રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | શ્રી દિનેશભાઈ છગનભાઈ પટેલ– | ૧૫૯ /૧૫–૦૨–૨૦૨૨ | ૧૬૬૫/– |
| ૨ | શ્રી દિનેશભાઈ છગનભાઈ પટેલ | ૩૯૯/ ૨૮–૦૨–૨૦૨૨ | ૨૨૭૫/– |
| ૩ | શ્રી ભીખુભાઈ ભાણાભાઈ પટેલ | ૧૧૨૨/ ૨૨–૦૨–૨૦૨૨ | ૨૪૨૦/– |
| ૪ | એમ.કે. કોમ્પ્યુટર,વલસાડ | ૩૬૭ / ૦૫–૦૪–૨૦૨૨ | ૧૮૦૦/– |
| ૫ | એમ.કે. કોમ્પ્યુટર,વલસાડ | ૩૫૭/ ૩૦–૦૩–૨૦૨૨ | ૧૨૦૦/– |
| ૬ | સીધ્ધી વિનાયક ઝેરોક્ષ,વલસાડ | ૧૦૪/ ૨૪–૦૩–૨૦૨૨ | ૧૦૨૭/– |
| ૭ | તુષાર સી. ગોસ્વામી, લીલાપોર | –– | ૧૦૦૦/– |

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૫/ તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૨૫</u>**

**<u>વિષયઃ–</u> હાઉસ ટેક્ષ શાખા મારફતે જુદી જુદી કામગીરીના આવેલ જુદા જુદા બીલો મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના હાઉસ ટેક્ષ શાખા મારફતે ટેક્ષ ડીપાર્ટમેન્ટમાં કવેસ્ટ કંપનીનું ઈન્ટરનેટ કનેકશન, તેમજ ટેક્ષના બીલોની પ્રિન્ટ માટે પાંચ કોમ્પ્યુટરમાં ટોનર રીફીલીંગ, કરાવેલ જે અંગેના નીચે જણાવેલ જુદા જુદા આવેલ બીલોનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ.નં. | નામ. | બીલ નંબર/ તારીખ. | બીલની રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | કવેસ્ટ કન્સ્લ્ટન્ટસી પ્રા.લી.વલસાડ | **Vls / 21-22/2609/dt.26-3-2022** | ૮૮૫૦/– |
| ૨ | એમ.કે. કોમ્પ્યુટર્સ, વલસાડ | ૩૪૯/ ૨૩–૦૩–૨૦૨૨ | ૧૩૫૦/– |
| ૩ | એમ.કે. કોમ્પ્યુટર્સ, વલસાડ | ૩૫૦/ ૨૩–૦૩–૨૦૨૨ | ૧૩૫૦/– |
| ૪ | એમ.કે. કોમ્પ્યુટર્સ, વલસાડ | ૩૫૩/ ૨૮–૦૩–૨૦૨૨ | ૧૩૫૦/– |
| ૫ | એમ.કે. કોમ્પ્યુટર્સ, વલસાડ | ૩૫૪/ ૨૮–૦૩–૨૦૨૨ | ૧૩૫૦/– |
| ૬ | એમ.કે. કોમ્પ્યુટર્સ, વલસાડ | ૩૫૯/ ૩૦–૦૩–૨૦૨૨ | ૧૩૫૦/– |

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૬/ તા.:૧૯–૦૪–૨૦૨૨

---

**કામ નં.–૨૬**

**વિષયઃ– My Byk Public Bicycle Sharing ( PBS) સર્વિસ શરૂ કરવા બાબત..**

**ઠરાવ.:**

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ શહેરી વિસ્તારમાં Public Bicycle Sharing ( PBS) સર્વિસ શરૂ કરવા અરજીમાં જણાવ્યા મુજબ વલસાડ શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં ઈજનેરશ્રીના જણાવેલ લીસ્ટ મુજબ પબ્લીક બાયસીકલ શેરીંગ ( PBS) માટેના સ્ટેન્ડ વિગેરે ટ્રાફિકને અડચણરૂપ નહીં થાય તે રીતે શરૂ કરવા અંગેની નિયમોનુસાર કાર્યવાહી કરી નીચે જણાવેલ શરતોએ આધિન કામગીરી કરાવવાનું મંજુર કરવા સામાન્ય સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

**શરતો.:**

૧) વલસાડ નગરપાલિકા વિસ્તારમાં પબ્લીક બાયસીકલ સર્વિસ ટ્રાફિકને અડચણરૂપ નહિ થાય તે માટે પોલીસ ડીપાર્ટમેન્ટ ( ટ્રાફિક ) ની અલગથી NOC મેળવવાની રહેશે.

૨) સદરહુ PBS સિસ્ટમ માટેનું કોઈપણ પ્રકારનું પેમેન્ટ નગરપાલિકા દ્વારા કરવામાં આવશે નહિ.

૩) વલસાડ નગરપાલિકા સાથે આ અંગે ૫૦૦/– રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર એગ્રીમેન્ટ કરવાનો રહેશે.

૪) વલસાડ નગરપાલિકાના જુદા જુદા વિસ્તારોમાં PBS સિસ્ટમમાં મુકવામાં આવેલ સાયકલની તમામ જવાબદારી આપશ્રીની કંપનીની રહેશે.

૫) વલસાડ નગરપાલિકા ફકત વલસાડ શહેરમાં પબ્લીક બાયસીકલ સર્વિસ માટે ફકત પરવાનગી આપવામાં આવે છે. આ અંગે કાયદાકીય / સરકારશ્રીની નિતીનિયમો વિગેરેનું સંપૂર્ણ પાલન કરવાની જવાબદારી આપશ્રીની એટલે કે કંપનીની રહેશે.

૬) સદરહું કામગીરી ફકત ૧૧–(અગીયાર) માસના કરાર આધારીત આપવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૨૭ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>કામ નં.–૨૭</u>**

**<u>વિષયઃ–</u> ટેક્ષ વસુલાત શાખામાં તદ્દન હંગામી ધોરણે રોજમદાર તરીકે રાખવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, હાલમાં આઝાદી કા અમૃત મહોત્સવ સ્કીમ ચાલે છે તે સ્કીમ એપ્રીલ–૨૦૨૨ તથા મે–૨૦૨૨માસ દરમ્યાન તેમજ જુન–૨૦૨૨ માસમાં ૧૦% વળતરની સ્કીમ અમલમાં હોય, વેરા કામગીરી / વસુલાત કામગીરી માટે તેમજ શોપ ડીપાર્ટમેન્ટમાં તથા વ્યવસાય વેરા ડીપાર્ટમેન્ટમાં પણ કોમ્પ.કલાર્કની જરૂર હોય, હાલમાં ના.સરકારશ્રીની આઝાદી કા અમૃત મહોત્સવ સ્કીમ ચાલે છે. જે યોજના હેઠળની કામગીરીને ધ્યાનમાં રાખી, ટેક્ષ વસુલાત શાખા / શોપ્સ–વ્યવસાય વેરા શાખામાં –૨(બે) કોમ્પ્યુટર કલાર્ક, વહીવટી શાખામાં–૧ (એક) કોમ્પ્યુટર કલાર્ક, તદ્દન હંગામી ધોરણે, આઉટ સોર્સીંગ એજન્સી નકકી થાય ત્યાં સુધીના સમય સુધી રાખવાનું તથા ત્યારબાદ આઉટ સોર્સીગ એજન્સી મારફતે લેવાનું નકકી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**<u>અધ્યક્ષ સ્થાનેથી રજુ થતાં કામો...</u>**

**કા.સ.ઠ.નં.૨૮ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>વ.કા.નં.–૧.</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકામાં વિવિધ ખાતાઓમાં નાના મોટા નિભાવ ખર્ચ થતાં હોય છે.આ કામે વિવિધ સમિતિઓને તેમજ ચીફ ઓફિસરશ્રીને ખર્ચાઓ મંજુર કરવાની સત્તા આપવાનું મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકામાં વિવિધ ખાતાઓમાં નાના મોટા નિભાવ ખર્ચ થતાં હોય છે. સાધનો વિગેરે નિભાવવા માટે તાત્કાલિક સ્થાનિક બજારમાંથી જરૂરીયાત મુજબના માલ–સામાન ખરીદવો પડતો હોય છે. આવા કામે ચીફ ઓફિસરશ્રીને એક હજાર રૂપિયાનો ખર્ચ કરવાની સત્તા આપવામાં આવેલ છે. અને સમિતિઓને પાંચ હજાર રૂપિયાનો ખર્ચ કરવાની સત્તા આપવામાં આવેલ છે. હાલની પરિસ્થિતીને ઘ્યાને લઈ ચીફ ઓફિસરશ્રીને એક હજારને બદલે, પાંચ હજાર અને વિવિધ સમિતિઓને પાંચ હજારને બદલે,પચ્ચીસ હજાર રૂપિયા ખર્ચ કરવાની અને કરેલ ખર્ચા મંજુર કરવાની સત્તા આપવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૯ / તા.:૧૯–૦૪–૨૦૨૨

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

**<u>વ.કા.નં.–૨.</u>**

**<u>વિષય:–</u> વ.ન.પા. હદ વિસ્તારમાં જુદા જુદા સ્થળોએ ના.સરકારશ્રીની ૧૫ મું નાણાંપંચ, SJMMSVY, વ્યવસાય વેરા, મનોરંજન કર ગ્રાન્ટ, વિકાસલક્ષી કામો કરવાના કામે ઓનલાઈન ટેન્ડરની કામગીરી એનકોડ સોલ્યુશન, અમદાવાદ પાસેથી કામગીરી કરાવેલ છે. જેનું આવેલ બીલની રકમ રૂા. ૪૮,૬૭૫/–પુરાનું મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા હદ હદ વિસ્તારમાં જુદા જુદા સ્થળોએ ના.સરકારશ્રીની ૧૫ મું નાણાંપંચ, SJMMSVY, વ્યવસાય વેરા, મનોરંજન કર ગ્રાન્ટ, વિકાસલક્ષી કામો કરવાના કામે ઓનલાઈન ટેન્ડરની કામગીરી એનકોડ સોલ્યુશન, અમદાવાદ પાસેથી કામગીરી કરાવેલ છે. સદરહું કરાવેલ કામગીરીનું ઈનવોઈસ નં.518275765 તા.: 26-03-2022, જેનું આવેલ બીલની રકમ રૂા. ૪૮,૬૭૫/–પુરાનું ચુકવણું કરવા માટે બીલ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૩૦ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>વ.કા.નં.–૩.</u>**

**<u>વિષયઃ–</u> ફાયર શાખા હસ્તકના વાહનમાં બેટરી નવી નંખાવવા તેમજ ટ્રાફીકને અડચણોમાં આકસ્મિક વૃક્ષો, ઝાડી, ઝાંખરાઓ કાપવા માટેની રાખવામાં આવેલ કટર રીપેરીંગ કામગીરી કરાવેલ. જે અંગેના આવેલ બીલો મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ફાયર શાખાને ડિઝાસ્ટર મેનેજમેન્ટમાંથી આપેલ ફોર્સ કંપની ધ્વારા મળેલ વાહન રજી. નં GJ-15-G-0727 માં બેટરી બગડી જવાથી નવી બેટરી નંગ–૦૧ ખરીદી કરવા અંગેના શ્રી ઉમેશ બેટરી સેન્ટર,ધડોઈ ફાટક, ગુંદલાવ,વલસાડના બેટરી નંગ–૧,ના સૌથી ઓછો ભાવ રૂા.૯૬૦૦/–પુરા મંજુર કરવાનું તથા ફાયર શાખામાં ઈમરજન્સી ટ્રાફિકને અડચણોમાં કોઈક આકસ્મિક વૃક્ષો, ઝાડી ઝાંખરાંઓ પડે તેના માટે " કટર" છે જેમાં ચેઈન ખરાબ થઈ જવાથી બંધ હાલતમાં હતી જે કટરને રીપેરીંગ કામગીરી કરાવેલ.જેનું ક્રિષ્ના ઓટો એન્ડ ટ્રેકટર્સ,વલસાડનું આવેલ બીલ રૂા.૪૦૦૫/–પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૩૧ / તા.:૧૯–૦૪–૨૦૨૨

---

<u>વ.કા.નં.–૪.</u>

<u>વિષયઃ–</u> વહીવટી શાખામાં જરૂરીયાત મુજબની સ્ટેશનરી ખરીદી, તેમજ વય મર્યાદાના કારણે નિવૃત થતાં કર્મચારીના વિદાય સન્માન સમારોહ કાર્યક્રમ માટે શાલ ખરીદી અંગેના જુદા જુદા આવેલ બીલો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના વહીવટી શાખામાં જરૂરીયાત મુજબની સ્ટેશનરી ખરીદી, તેમજ વયમર્યાદાના કારણે નિવૃત થતાં કર્મચારીના વિદાય સન્માન સમારોહ કાર્યક્રમ માટે શાલ ખરીદી અંગેના નીચે જણાવેલ એજન્સીઓના જુદા જુદા આવેલ બીલો મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | નામ. | બીલ નંબર/ તારીખ. | બીલની રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | ડીલક્ષ બુક સ્ટોર, વલસાડ. | ૬૮૨ / ૩૧–૦૧–૨૦૨૨ | ૧૫૮૧/– |
| ૨ | દિપક ટ્રેડર્સ,એમ.જી.રોડ, વલસાડ. | ૬૬૩/ ૩૧–૦૩–૨૦૨૨ | ૧૦૫૦/– |

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૩૨ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>વ.કા.નં.–૫.</u>**

**<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકા હદમાં જુદા જુદા પ્રકારના કામો કરવા અંગે જરૂરી ઓનલાઈન ટેન્ડર કરવા અંગે વિગેરે જુદા જુદા કામના આવેલ બીલો મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદમાં જુદા જુદા પ્રકારના કામો કરવા અંગે જરૂરી ઓનલાઈન ટેન્ડર કરવાની કામગીરી, એસી રીપેરીંગ કામગીરી, વિગેરે જુદી જુદી કામગીરીના આવેલ નીચે જણાવેલ એજન્સીઓના જુદા જુદા આવેલ બીલો મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ.નં. | નામ. | બીલ નંબર/ તારીખ. | બીલની રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | વેસ્ટર્ન ટાઈમ્સ,અમદાવાદ. | 4439 / dt.25-3-2022 | ૩૭૯૧/– |
| ૨ | સાગર ડી.થોરાત,વલસાડ. | ૧૯/ ૨૫–૦૩–૨૦૨૨ | ૨૮૦૦/– |
| ૩ | ગજાનંદ ઝેરોક્ષ,વલસાડ. | ૧૦૦૪૫૬/ ૦૬–૦૮–૨૦૨૧ | ૭૨૦૦/– |
| ૪ | ઉમેશ બેટરી સેન્ટર,ગુંદલાવ. | ૧૦/ ૨૫–૦૩–૨૦૨૨ | ૭૦૦૦/– |

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૩૩ / તા.:૧૯–૦૪–૨૦૨૨

---

<u>વ.કા.નં.–૬.</u>

<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની જિલ્લા આયોજન મંડળ (૨૦૨૧–૨૨ ) વિવેકાધીન યોજના હેઠળ વ.ન.પા. હદ વિસ્તારમાં કચરાના કલેકશન માટે ટ્રેકટર નંગ–૦૨ની ઓનલાઈન જેમ પોર્ટલ પરથી ખરીદી કરવામાં આવેલ. સદરહું ટ્રેકટરોમાં ડોબર તેમજ હાઈડ્રોલીક પાઈપ ફીટીંગ પાઈપ નંગ–૦૨ ખરીદ કરવા અંગેનો કોટેશન રૂા.૧૪,૩૬૦/– નું મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર સરકારશ્રીની જિલ્લા આયોજન મંડળ (૨૦૨૧–૨૨ ) વિવેકાધીન યોજના હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં કચરાના કલેકશન માટે ટ્રેકટર નંગ–૦૨ની સરકારશ્રીના ઓનલાઈન જેમ પોર્ટલ ઉપર એજન્સીશ્રી રોયલ ઓટો,ને.હા.નં.–૪૮,ધોરણ–પારડી, સુરત પાસેથી ખરીદી કરવામાં આવેલ.સદરહુ ટ્રેકટરોમાં ડોબર તેમજ હાઈડ્રોલીક પાઈપ ફીટીંગ કરવાની જરૂરીયાત હોય, સદરહુ કામે ઉપરોકત એજન્સી પાસેથી ડોબર નંગ–૦૨, અને હાઈડ્રોલીક પાઈપ નંગ–૦૨ ખરીદ કરવા માટે અંગેનું આવેલ કોટેશન રૂા.૧૪,૩૬૦/– નું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૩૪ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**વ.કા.નં.–૭.**

**વિષય:– સાર્વજનિક વિજય મંડળ,પારડી સાંઢપોર–મોગરાવાડી,વલસાડ મંડળના ૫૮માં રસોત્સવ પ્રસંગે પ્રસિધ્ધ થનાર અંકમાં સંસ્થાની જાહેરાત આપવા બાબત..**

**ઠરાવ.:–**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ જીલ્લાનું એક માત્ર સાર્વજનિક વિજય મંડળ, સતત ૫૮ વર્ષથી સાંસ્કૃતિક રસોત્સવ સમાજ સેવાના કાર્યો કરતું આવેલ છે. સદર મંડળ ધ્વારા આવતા માસમાં ૫૮ મો સાંસ્કૃતિક રસોત્સવ યોજાનાર છે જે પ્રસંગે મંડળ ધ્વારા પ્રસિધ્ધ થનાર વિજયઅંકમાં સાર્વજનિક વિજય મંડળ,પારડી સાંઢપોર–મોગરાવાડી, વલસાડની નગરપાલિકા આવક નંબર.: ૬૪ /તા.:૫/૪/૨૦૨૨ થી સંસ્થાની જાહેરાત આપવા અંગેની અરજી આવેલ છે. જે અંગે કમીટીમાં ચર્ચાને અંતે સદરહું સંસ્થાને પ્રસિધ્ધ થનાર અંકમાં રૂા.૨૦,૦૦૦/–ની મર્યાદામાં નગરપાલિકાની જાહેરાત આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૩૫ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>વ.કા.નં.–૮.</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાની વેબસાઈટ વાર્ષિક રીન્યુ કરવાના કામો કરાવેલ હોય જેનું બીલ રૂા.૩૩૯૮૦/– મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાની વેબસાઈટ valsadmunicipality.com વાર્ષિક રીન્યુઅલ કરાવવામાં આવેલ હોય. જેનો સમયગાળો પુરો થતાં આગામી એક વર્ષ માટે તા.: ૦૩–૦૧–૨૦૨૨ થી તા.:૦૨–૦૧–૨૦૨૩ માટે રીન્યુ કરાવવામાં આવેલ હોય. Domain Renewal for one Year, Webspase Renewal (500 MB ) Static Website Maintenance, Dynamic Photo Gallery Maintenance, Dynamic E-News Maintenance, Extra Webspace ( 500 MB ) જેવાં કામો હિન્દુસ સોફ્ટવેર, અમદાવાદ પાસે કરાવવામાં આવેલ હોય.જે અંગેનું બીલ ઈન.નં.BS-10 / તા.:૨૭–૧૨–૨૦૨૧ ના રૂા.૩૩,૯૮૦/– પુરાનું અત્રે આવેલ છે. જેનું બીલ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૩૬ / તા.:૧૯–૦૪–૨૦૨૨

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>વ.કા.નં.–૯.</u>

<u>વિષયઃ–</u> તા.:૧૨/૦૪/૨૦૨૨ ની મળેલ ડ્રેનેજ સમિતિની ભલામણ મુજબ આઉટ ગ્રોર્થ વિસ્તારમાંથી નીકળતું ડ્રેનેજનું પાણીનો નિકાલ કરવા સંદર્ભે વલસાડ નગરપાલિકાના પમ્પીંગ સ્ટેશનમાં ખાલી કરવા સંદર્ભે નિતિ નકકી કરી તે સંદર્ભેનો ચાર્જ નકકી કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

તા.:૧૨/૦૪/૨૦૨૨ ની મળેલ ડ્રેનેજ સમિતિની ભલામણ મુજબ, આઉટ ગ્રોર્થ વિસ્તારમાં આવેલ અરજદારશ્રી અમિત કાંતીભાઈ પટેલની તા.:૩૧/૦૧/૨૦૨૨ તથા જીગર રતિલાલ ભંડારીની તા.:૨૦/૦૧/૨૦૨૨ અરજી અન્વયે, આઉટ ગ્રોર્થ વિસ્તારમાંથી નીકળતું ડ્રેનેજનું પાણી પ્રાઈવેટ ટેકરો ધ્વારા ખાડકુવાની સફાઈ અંગેની કામગીરી અરજદાર ધ્વારા કરવામાં આવે છે. જેની અરજીમાં જણાવ્યા પ્રમાણે તેઓએ સદરહુ ડ્રેનેજના ખાડકુવાનું પાણી ખુલ્લી ગટરોમાં અથવા તો કોઈ ખેતરોમાં નાખવાની અથવા તો ખુલ્લા પ્લોટોમાં સદરહું પાણીનો નિકાલ કરવાને બદલે તેઓ ધ્વારા વલસાડ નગરપાલિકાને અરજ કરવામાં આવેલ છે. કે સદરહું ડ્રેનેજ ખાડકુવાનું પાણી વલસાડ નગરપાલિકા ધ્વારા બનાવવામાં આવેલ પમ્પીંગ સ્ટેશનોમાં ખાલી કરવામાં આવે તો નગરપાલિકાને એક આવકનો નવો માર્ગ મળી શકે તેમ છે. તેમજ સદરહુ ડ્રેનેજના ખાડકુવાનું પાણી ખુલ્લામાં છોડી સદરહુ પાણીને યોગ્ય જગ્યા ઉપર નિકાલ કરવામાં આવે તો પર્યાવરણને પણ નુકશાન ન થાય જેનું ધ્યાન રાખવા સંબંધે ઉપરોકત એજન્સીએ અત્રેની કચેરીએ અરજી કરી, રજીસ્ટ્રેશન કરાવી, જે તે સાધનના નંબર સહીતની રસીદ ડ્રેનેજ શાખામાં બનાવડાવી, પમ્પીંગ સ્ટેશન ઉપર બનાવેલ રસીદ જમા કરાવ્યેથી, ખાળકુવા / સેપ્ટીક ટેન્કનું વપરાશી પાણી ખાલી કરવા માટેના સંબંધિત એજન્સી પાસે ફેરાદીઠ રૂા.૨૦૦/–અંકે રૂા.બસો પુરા વસુલાત કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૩૭ / તા.:૧૯–૦૪–૨૦૨૨**

---

**<u>વ.કા.નં.–૧૦</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા–વલસાડનો સને ૨૦૨૧–૨૦૨૨ નો તા.:૦૧/૦૪/૨૦૨૧ થી તા.:૩૧/૦૩/૨૦૨૨ સુધીનો વાર્ષિક હિસાબ વંચાણે લઈ મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા – વલસાડનો સને ૨૦૨૧–૨૦૨૨ નો તા.:૦૧/૦૪/૨૦૨૧ થી તા.:૩૧/૦૩/૨૦૨૨ સુધીનો બાર–માસિક હિસાબ વંચાણે લઈ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**